| | | | | |
|---|---|---|---|---|
| રજુ તારીખ | :: | ૨૫–૦૬–૨૦૨૫ | | |
| દાખલ તારીખ | :: | ૨૫–૦૬–૨૦૨૫ | | |
| ફૈંસલ તારીખ | : | ૦૪–૦૫ –૨૦૨૬ | | |
| અવધિ | : | વર્ષ | માસ | દિવસ |
| | | | | |

---

**કડાણાના મહે. જયુડીશીયલ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં,**
**મુ.કડાણા, જી.મહીસાગર.**

---

**ક્રિમીનલ પરચુરણ અરજી નં. ૩૩/૨૦૨૫**
**આંક –**

| **અરજદારનું નામ** | **ઉ.વ.** | **ધંધો** | **રહેવાસી** |
|---|---|---|---|
| ૧.કલ્પનાબેન તે ભુરાભાઈ ફતાભાઈ હરીજનની દિકરી તે કાળુભાઈ રમેશભાઈ હરીજનની પત્ની | ૩૦ | ઘરકામ | ઠાકોરના નાઘા તા.કડાણા,જી.મહીસાગર |

**વિરૂધ્ધ**

| **સામાવાળાનું નામ** | **ઉ.વ.** | **ધંધો** | **રહેવાસી** |
|---|---|---|---|
| (૧) કાળુભાઈ રમેશભાઈ હરીજન | ૩૫ | રસોઈયો | ભલાડા,પો.નવામુવાડા તા.લુણાવાડા,જી.મહીસાગર |
| (૨) રમેશભાઈ હીરાભાઈ હરીજન | ૫૭ | ખેતી | '' '' '' |
| (૩) મંજુલાબેન રમેશભાઈ હરીજન | ૫૫ | ઘરકામ | '' '' '' |

---

**અરજ :–ધી પ્રોટેકશન વુમેન ફ્રોર્મ ડોમેસ્ટીક વાયોલેન્ટ એકટ–૨૦૦૫ ની કલમ–૧૨ ની અરજી થી કલમ–૧૮,૧૯,૨૦,૨૨ મુજબ દાદ મેળવવા માટેની અરજી.**

---

**અરજદાર તરફે વિ.વ.શ્રી.આર.પી.પરમાર**
**સામાવાળા તરફે વિ.વ.શ્રી.આર.સી.શર્મા**

---

# -: ચુકાદો :-

૧ અરજદારે હાલની અરજી ધી પ્રોટેકશન વુમેન ફ્રોર્મ ડોમેસ્ટીક વાયોલેન્ટ એકટ-૨૦૦૫ ની કલમ-૧૨ હેઠળ થી કલમ-૧૮,૧૯,૨૦ તથા ૨૨ મુજબ દાદ મેળવવા માટેની અરજી અત્રેની કોર્ટમાં કરેલ છે.

૨ અરજદારની અરજીની ટૂંકમાં હકીકત એવી છે કે, અરજદારણ હાલ મોજે ગામ-ઠાકોરના નાધ્રા તા.કડાણા જી.મહીસાગર પોતાના માતા-પિતાના ઘરે પિયર) મા રહે છે અને સામાવાળા મોજે ગામ-ભલાડા પો.નવામુવાડા તા.લુણાવાડા જી.મહીસાગર ગામે રહે છે. સામાવાળા નં.૧ અરજદારણના કાયદેસરના પતિ થાય છે અને તેઓ આણંદખાતે હોસ્ટેલમા રસોઈયા તરકે કામ કરે છે સામાવાળા નં.૨ તથા ૩ ના સસરા/સાસુ થતા હોઈ તમામ સામાવાળાઓને અરજદાર સારી રીતે ઓળખે છે. અરજદારના લગ્ન સામાવાળા નં.૧ સાથે સને-૨૦૧૭ મા તેણીના સમાજના રીત-રીવાજ મુજબ હીન્દુ વિધિથી પોતાના આગેવાનોની હાજરીમા મોજે ગામ-ઠાકોરના નાધ્રા તા.કડાણા જી.મહીસાગર બેઠા કરવામા આવેલ હતા લગ્ન સમયે અરજદારના માતા-પિતાએ અરજદારના પતિને સોનાની વીટી, તથા સોનાની બુટી,સોનાનુ ડોકીયુ,ચાંદીના છડા, તથા ચાંદીનો કેડ ઝોલો,તિજોરી પલંગ શોફાસેટ,ફ્ ીઝ,ટી.વી.ડ્રેસીગ કાંચતથા કન્યાદાનના પુરતા વાસણો આપેલા હતા તથા તમામ ચીજ-વસ્તુઓ સામાવાળાઓના ઘરે છે જે હકીકત જાહેર કરેલ છે.

લગ્નજીવન દરમ્યાન અરજદારે એક પુત્ર નામે કાર્તિક ઉ.વ.૮ નો છે સદર પુત્ર

અરજદાર સાથે હાલ પીયર (ઠાકોરના નાધ્રા) ખાતે રહે છે. સામાવાળા નં.૧ નાઓએ અરજદારના લગ્ન અગાઉ મોજે–ચાંપેલી ખાતે લગ્ન કરેલા હતા અને તે સ્ત્રી બીમારીના કારણે ગુજરી ગયેલ હતી તે હકીકત અરજદારે લગ્ન બાદ જાણેલી કે,'' સામાવાળા નં.૧ નાઓએ લગ્ન કરેલા છે અને તેમને એક પુત્ર નામે રાજદીપ નામનો છોકરો પણ છે જે હકીકત જાહેર કરેલ છે. અરજદારણને સામાવાળા નં.૧ એ કાર્તિકનો જન્મ થયો ત્યાર સુધી સારી રીતે રાખેલા હતા ત્યારબાદ સામાવાળા નં.૧ નાઓ દારુની લતે ચઢી ગયેલા હતા અને અરજદારને ગમે તે જોડે ખાલી વાત કરી તો પણ શકની નજરે જોઈ, અરજદાર સાથે ઝગડો– તકરાર કરી,મારકુટ કરતા હતા અરજદાર સામાવાળા નં .૧ નાઓને કહેતા હતા કે '' હવે આપણે વસ્તારમા કાર્તિક છે જેથી તમારે કમાવુ પડે, તમો કઈ કામ ધંધો કરતા નથી.'' આવુ કહીએ તો સામાવાળા નં.૧ ને માઠુ લાગી જતુ અને અરજદારને ગમેતેમ ગાળો બોલી કહેતા હતા કે,'' તુ કમાવા જા મારાથી તો કમાવાય નહી તેમ કરી અરજદારને સખ્ખત મારકુટ કરતા હતા જેથી અરજદાર સામાવાળા નં.૨,૩ (સસરા/સાસુ)ને કહેતા હતા કે તમે તો તમારા દિકરા સામાવાળા નં.૧ ને કોઈ બે વાતો કહો તો તેઓ પણ કહેતા હતા કે તારે રહેવુ હોય તો રે.... નહી તો તારા બાપના ઘરે જતી રહે મારો છોકરો નહી કમાય તો પણ અમે તેને કમાઈને ખવડાવીશુ તેવી વાતો કરી અરજદારને બધા ભેગા મળી ધમકાવતા હતા અરજદારને એક વખત મારકુટ કરી કાઢી મુકેલી તો અરજદારે દિવડા કોલોની કોર્ટમા ક્રિ.પ.અ.નં.૬૭/૧૮ થી ભરણ/પોષણનો કેસ કરેલ તો સામાવાળા નામદાર કોર્ટમા હાજર થઈ અરજદારને પંચ રાહે સમાધાન કરી તેડીને લઈ ગયેલા હતા.જેથી અરજદારે તા.૧૩/૭/૧૯ ના રોજ સદરહુ કેસ વિડ્રો કરેલ હતો.અરજદાર સામાવાળા નં.૧ ની સાથે રહેવા

ગયાના થોડા દિવસ સુધી સારુ રાખેલ ત્યાબાદ સામાવાળાઓએ શારીરીક/ માનસીક ત્રાસ આપવાનુ ચાલુ કરી દીધેલ પરંતુ અરજદારને પુત્ર કાર્તિક હોઈ, અને આ કામના સામાવાળા નં.૧ કાલે સુધરી જશે અને સારા-નરસા થઈ જશે અને સારા દિવસો આવશે તથા દીકરાના લીધે તથા મા-બાપની આબરુ સમાજમા ના જાય તે માટે બધુ દુ:ખ સહન કરી સામાવાળા નં .૧ સાથે અરજદાર સમજી વિચારી સામાવાળા નં.૧ સાથે રહેતા હતા.

અરજદાર તેની અરજીમા વધુમા જણાવે છે કે, આશરે આઠ માસ અગાઉ સામાવાળા નં.૧નાએ અરજદારને કહેલ કે,'' તમોકાઈ કામ ધંધો કરતા નથી,તમે કાઈ ધંધો કરી આપણુ ઘર બનાવો.'' આવુ કહેતાની સાથે સામાવાળા નં.૧ નાએ અરજદારને સખ્ત ગડદાપાટુનો માર મારેલો અને ગડદા-પાટુનો મારી મારી કહેતા હતા કે,'' તુ તારા બાપના ઘરે જતી રહે તારા જેવી તો મે ઘણી જોઈ...'' જેથી અરજદાર તેમના સસરા/સાસુ સામાવાળા નં.૨ તથા ૩ નાઓને કહેલ કે,'' તમો તમારા પુત્રને સમજાવો.'' આવુ કહેતાની સાથે તમામ સામાવાળાઓ ભેગા મળી અરજદારને સામાવાળા નં.૧ નાએ દિકરા સાથે ઘરની બહાર કાઢી મુકેલ હતી અને સામાવાળા નં.૨ તથા ૩ નાઓ પણ કહેતા હતા કે,'' અહીયાથી જતી રહે... અને બધા ભેગા મળી કહેતા હતા કે '' જો પાછીઆવી તો તને જાનથી મારી નાખીશુ '' તેવી ધમકીઓ આપતા હતા જેથી અરજદાર તેમના દિકરા સાથે પીયર આવેલા હતા. અરજદારણ પીયર આવ્યા બાદ પોતાના માતા-પિતા તથા કુટુંબના સભ્યોને સદર બાબતની જાણ કરેલ હતી ત્યારથી અરજદાર અને તેમને પુત્ર '' નામે કાર્તિક '' સાથે પોતાના પીયરમા રહે છે. અરજદારને સામાવાળાઓએ શારીરીક તથા માનસીક ત્રાસ આપી કાઢી મુકેલ

હોઈ પોતાના પિયરે ઓશીયાળુ જીવન ગુજારે છે. તથા અરજદારણ પાસ ે આવકનુ કોઈ સાધન નથી કે કોઈ હુન્નર શીખેલા નથી,કે સામાવાળાઓએ કોઈપણ વ્યાજબી કારણ વગર અને વગર વાં કે અરજદારને તેમની દીકરી સાથે ત્રાસ આપીને કાઢી મુકેલ છે ત્યારથી અરજદારણની ભરણ/પોષણની કોઈ આજદિન સુધી વ્યવસ્થા કરેલ નથી કે,સાર સંભાળ લીધેલ નથી. આ કામના સામાવાળા શરીરે શસકત છે તેઓ રસોઈયાનુ કામ કરી આશરે માસીક રૂા.૩૦,૦૦૦/- કમાય છે તથા દુધ ડેરીમા ભરીને આશરે માસીક રૂા.૧૦,૦૦૦/- કમાય છે.આમ,કરી અરજદારે હાલની અરજીમા નીચે મુજબની દાદ માગેલ છે.

અરજદારે ડોમેસ્ટીક વાયોલન્સ એકટની કલમ.૧૨ હેઠળ નામદાર કોર્ટને આ ફરીયાદ આપેલ છે જેના આધારે તમામ સામાવાળાઓ સામે ગુનો નોં ધી ફોજદારી કાર્યવાહી કરી યોગ્ય સજા કરવા, ડોમેસ્ટીક વાયોલન્સ એકટની કલમ-૧૭ હેઠળ લગ્ન પછી સામાવાળાઓને તેની સાસરીમા સાથે રહેતા હતા અને મારઝુડ કરીને ઘરમાથી કાઢી મુકેલા હોય અરજદારને તેના પિતાને ત્યા ઓશીયાળુ જીવન વિતાવવાની ફરજ પડેલ છે અરજદારને અલગ મકાનમા રહેવા માસીક રૂા.૩૦૦૦/- મકાન ભાડાના અપાવવા,અને અલાયદુ પાકુ મકાન બાં ધી આપે તેવો હુકમ કરવા, ડોમેસ્ટીક વાયોલન્સ એકટની કલમ-૧૮ મુજબ ફરીયાદી કે અરજદારના પિયરપક્ષના માણસો તથા સગા સબંધીઓને ધાક ધમકી આપે નહી તેવો હુકમ કરવા, ડોમેસ્ટીક વાયોલન્સ એકટની કલમ-૧૯(૮) મુજબ તમામ સ્ત્રીધન તથા રસોડાનો તમામ સામાન તથા બીજા વાસણો સામાવાળા નં.૧ ની પાસે છે જે તમામ સામાવાળા નં.૧ પાસેથી અરજદારને પરત સોપવા હુકમ કરવા, ડોમેસ્ટીક વાયોલન્સ એકટની કલમ-૨૦

હેઠળ નાણાંકીય સહાય  આપવી અરજદારને માસીક ભરણ/પોષણ પેટે રૂા.૫૦૦૦/-પુરા અને અરજદારના દિકરા નામે કાર્તિકને  ભરણપોષણ પેટે રૂા.૩૦૦૦/-પુરા આમ, કુલ રૂા.૮૦૦૦/- અરજીની તારીખથી સામાવાળા નં.૧ નાઓ ચુકવી આપે તેવો હુકમ કરવા,અરજદારને સામાવાળાઓએ અસહય ત્રાસ આપીને સામાવાળાઓથી દુર કરી ખુબજ આઘાતમા ઉતારેલા છે. આ માનસીક આઘાત બદલ રૂા.૧, ૦૦, ૦૦૦/- તથા તબીબી ખર્ચના રૂા.૫૦૦૦/-તથા અરજદારના દિકરા નામે કાર્તિક નાઓના ભરણ/પોષણનો થતો ખર્ચ ના રૂા.૫૦૦૦/-સામાવાળાઓ તાત્કાલીક ચુકવી આપે તેવો હુકમ કરવા અરજ કરેલ છે.જો આમ, કરવામા આ સામાવાળાઓ કસુર કરે તો ઘરેલુ હિંસા અધિનિયમ કલમ-૨૧ મુજબ સામાવાળાઓને કસ્ટડીમા લેવાનો હુકમ કરવા અરજ કરેલ છે.ડોમેસ્ટીક વાયોલન્સ એકટની કલમ-૨૨ મુજબ વળતર, સામાવાળાઓ ધ્વારા કૌટુબીક હિંસાથી અરજદારને થયેલ શારીરીક તેમજ માનસીક યાતના,લાગણી પીડા સહીતના વળતર પેટે  રૂા.૩૦૦,૦૦૦/-પુરા સામાવાળાઓની જાત તથા હરકોઈ મીલ્કતમાથી ચુકવી આપે તેવો હુકમ કરવા અરજ કરેલ છે, અરજીની સમગ્ર હકીકતો તથા સં જોગો જોતા કલમ-૨૩ મુજબ સામાવાળાઓ સામે વચગાળાનો એક તરફ હુકમ કરવા, આ તમામ કાર્યવાહી સામાવાળાઓની માનસીક તથા શારીરીક ત્રાસના કારણે  કરવી પડેલ હોય, અરજદારને અરજીના ખર્ચના રૂા.૧૦,૦૦૦/- અપાવવા, આ તમામ કાર્યવાહી સામાવાળાઓના માનસીક તથા શારીરીક ત્રાસના કારણે કરવી પડેલ હોય, અરજદારને અરજીના ખર્ચના રૂા.૧ ૫,૦૦૦/- અપાવવા, તથા બીજી યોગ્ય  અને વ્યાજબી લાગે તે દાદ

અપાવવા અરજ ગુજારેલ છે.

૩. સદર અરજી નામદાર કોર્ટમા રજુ થતા તેણે રજીસ્ટરે લઈ આ કામના સામાવાળાઓને નોટીશ ઈશ્યુ કરવામા આવેલ જેની બજવણી થતા સામાવાળાઓ તેમના વિ.વ.શ્રી મારફતે હાજર થયેલ છે અને સદર અરજીના બચાવમા આંક. ૦૮ થી વિગતવારનો લેખીત જવાબ રજુ રાખેલ છે જે નીચે મુજબ છે.

અરજદારની અરજી ખરી નથી અને સામાવાળાઓને કબુલ નથી,અરજદારને આ પ્રકારની અરજી કરવાનો હોઈ હકક કે, અધિકાર નથી, આ કામના અરજદાર તેમની અરજીના પેરા નં.૧ મા જણાવે છે કે, અરજદારણ હાલ મોજે ગામ–ઠાકોરના નાઘ્રા તા.કડાણા જી.મહીસાગરમા અમારા માતા–પિતાના ઘરે પિયર મા રહે છે અને આ કામના સામાવાળા મોજે ગામ ભલાડા પો.નવામુવાડા તા.લુણાવાડા જી.મહીસાગર ગામે રહે છે જે હકીકત બાબતે કોઈ તકરાર નથી. આ કામના અરજદાર તેમની અરજીના પેરા નં.ર મા જણાવે છે કે, આ કામના સામાવાળા નં.૧ અમો અરજદારણના કાયદેસરના પતિ થાય છે અને તેઓ આણંદ ખાતે હોસ્ટેલમા રસોઈયા તરીકે કામ કરે છે. સામાવાળા નં.ર,૩ સસરા/સાસુ થતા હોઈ, આ કામના તમામ સામાવાળાઓને અમો અરજદાર સારી રીતે ઓળખીએ છીએ તે બાબતે તકરાર નથી પરંતુ સામાવાળા નં .૧ આણંદ ખાતે હોસ્ટેલમા રસોઈયા તરીકે કામ કરતા હોવાની હકીકત ખરી નથી અને સામાવાળાને કબુલ મંજુર અને બંધનકર્તા નથી અમો તેનો સ્પષ્ટપણે ઈન્કાર કરેલ છે. આ કામના અરજદાર તેમની અરજીના પેરા નં.૩ મા જણાવે છે કે, અરજદારના લગ્ન આ કામના સામાવાળા નં.૧ સાથે સને–ર૦૧૭ મા સમાજના રીત–રીવાજ મુજબ હીન્દુ વિધીથી સમાજના આગેવાનોની

હાજરીમા મોજે ગામ ઠાકોરના નાધ્રા,તા.કડાણા જી.મહીસાગર બેઠા કરવામા આવેલ હતા તે બાબતે કોઈ તકરાર નથી.લગ્ન સમયે અરજદારના માતા-પિતાએ જમાઈને સોનાની વીટી,તથા અરજદારને સોનાની બુટ્ટી,સોનાનુ ડોકીયુ,ચાંદીના છડા, તથા ચાંદીનો કેડ ઝોલો,તીજોરી પલંગ સાફાસેટ,ફ્રીજ,ટી.વી.ડ્રેસીગ કાચ તથા કન્યાદાનના પુરતા વાસણો આપેલા હતા સદરહુ તમામ ચીજ-વસ્તુઓ આ કામના સામાવાળાઓના ઘરે છે જે હકીકત જાહેર કરેલ છે જે તમામે તમામ હકીકત ખરી ન હોવાનુ જણાવી સામાવાળાને કબુલ મંજુર અને બંધનકર્તા નથી અને તેનો સ્પષ્ટપણે ઈન્કાર કરેલ છે.

આ કામના અરજદાર તેમની અરજીના પેરા નં.૪ તથા ૫ મા જણાવે છે કે, લગ્ન પછી અમો તરત જ આ કામના સામાવાળા નં.૧ ના ઘરે ગયેલા અને તેમની સાથે રહીને લગ્નજીવનના તમામ હકકો પુરા પાડતા હતા અને પતિ-પત્ની તરીકે રહેતા હતા તેમજ લગ્નજીવન દરમ્યાન એક પુત્ર નામે કાર્તિક ઉ.વ.આ.૮ નો છે જે સદર પુત્ર અરજદાર સાથે હાલ પીયર (ઠાકોરના નાધ્રા) ખાતે રહે છે.આ કામના સામાવાળા નં.૧ નાઓએ અરજદારના લગ્ન અગાઉથી મોજે ચાંપેલી ખાતે લગ્ન કરેલા હતા અને તે સ્ત્રી બીમારીના કારણે ગયેલ હતી તે હકીકત અરજદારે લગ્ન બાદ જાણેલી કે સામાવાળા નં.૧ નાઓએ લગ્ન કરેલા છે અને તેમને એક પુત્ર નામે રાજદીપ નામનો છોકરો પણ છે જે તમામે તમામ હકીકત ખરી ન હોવાનું જણાવી અને કબુલ મંજુર અને બંધનકર્તા નથી અને તેનો સ્પષ્ટપણે ઈન્કાર કરેલ છે.

આ કામના અરજદાર તેમની અરજીના પેરા નં.૬ મા જણાવે છે કે, અરજદારણને આ કામના સામાવાળા નં.૧ એ કાર્તિક'' નો જન્મ થયો ત્યાર સુધી સારી રીતે રાખેલા હતા પછી આ કામના સામાવાળા નં.૧ નાઓ

દારુની લતે ચઢી ગયેલા હતા અને અમો અરજદાર ગમે તે જોડે ખાલી વાત કરીએ તો પણ શકની નજરે જોઈ અમો અરજદાર સાથે ઝગડો–તકરાર કરી મારકુટ કરતા હતા અરજદાર આ કામના સામાવાળા નં.૧ નાઓને કહેતા હતા કે હવે આપણે વસ્તારમા કાર્તિક છે જેથી તમારે કમાવવુ પડે તમો કઈ કામ ધંધો કરતા નથી આવુ કહીએતો આ કામના સામાવાળા નં.૧ ને માઠુ લાગી જતુ અને અરજદારને ગમેતેમ ગંદી ગાળો બોલી કહેતા હતા તુ કમાવા જા મારાથી તો કમાવાય નહી તેમ કરી અમો અરજદારને સખ્ખત મારકુટ કરતા હતા જેથી અરજદાર આ કામના સામાવાળા નં.૨,૩ (સસરા/સાસુ)ને કહેતા કે તમે તો તમારા દિકરા સામાવાળા નં.૧ ને કાઈ બે વાતો કહો તો તેઓ પણ કહેતા હતા કે તારે રહેવુ હોય તો રે... નહી તો તારા બાપના ઘરે જતી રહે તેમનો છોકરો તો નહી કમાય તો પણ તેઓ તેને કમાઈને ખવડાવશે તેવી વાતો કરી અરજદારણને બધા ભેગા મળી ધમકાવતા હતા તે તમામે તમામ હકીકતો ખરી ન હોવાનુ જણાવી કબુલ મંજુર અને બંધનકર્તા નથી તેમ જણાવેલ છે.

સામાવાળા વધુમા જણાવે છે કે, અરજદાર તેમની અરજીના પેરા નં.૬ મા આગળ જણાવ છે કે,''અરજદારને એક વખત મારકુટ કરી કાઢી મુકેલી તો સામાવાળાએ દિવડા કોલોની કોર્ટમા ક્રિ.પ.અ.નં.૬૭/૧૮ થી ભરણ/પોષણનો કેસ કરેલો તો આ સામાવાળા નામદાર કોર્ટમા હાજર થઈ અરજદારને પંચ રાહે સમાધાન કરીને સાથે તેડીને લઈ ગયેલ હતા જેથી અરજદારે તા.૧૩–૦૭–૧૯ ના રોજ સદરહુ કેસ વિડ્રો કરેલ હતો અરજદાર સામાવાળા નં .૧ ની સાથે રહેવા ગયાના થોડા દિવસ સુધી સારુ રાખેલ પછી સામાવાળાઓએ શારીરીક/માનસીક ત્રાસ આપવાનુ ચાલુ કરી દીધેલ જે તમામે તમામ હકીકત ખરી નથી અને સામાવાળાને કબુલ મંજુર નથી અને બંધનકર્તા નથી

અને સામાવાળા તેનો સ્પષ્ટપણે ઈન્કાર કરે છે, અરજદારે સામાવાળાનો સ્વેચ્છાએ ત્યાગ કરીને તેમના પિયર જતા રહેલ છે અને ત્યા અરજદાર તેમની અરજીના પેરા નં.૬ મા આગળ જણાવે છે કે,પરંતુ અરજદારને પુત્ર '' કાર્તિક ''હોઈ સામાવાળા નં.૧ કાલે સુધરી જશે અને સારા નરસા થઈ જશે અને સારા દિવસો આવશે દીકરાને લીધે તથા મા/બાપની આબરુ સમાજમા નાજાય તે માટે બધુ દુ:ખ સહન કરી સામાવાળા નં .૧ સાથે અરજદાર સમજી વિચારી ત્યા રહેતાહતા જે તમામે તમામ હકીકત ખરી નથી અને સામાવાળાને કબુલ નથી અને તેનો સ્પષ્ટપણે સામાવાળાએ ઈન્કાર કરેલ છે.

અરજદાર તેમની અરજીના પેરા નં.૭ મા જણાવે છે કે,આશરે આઠ માસ અગાઉ સામાવાળા નં.૧ નાએ અરજદારનેકહેલકે તમો કાઈ કામ ધંધો કરતા નથી તે કાઈ કામ ધંધો કરી આપણુ ઘર બનાવો આવુ કહેતાની સાથે સામાવાળા નં.૧ નાઓ અરજદારને સખ્ત ગડદા/પાટુનો માર મારેલો અને ગડદા પાટુનો માર મારી કહેતા હતા કે તુ તારા બાપના ઘરે જતી રહે તારા જેવી તો મે ઘણી જોઈ જેથી અરજદારે સામાવાળાના સાસુ/સસરા નં.૨ તથા ૩ નાઓને કહેલ કે,તમો તમારા પુત્રને સમજાવો આવુ કહેતાની સાથે તમામ સામાવાળાઓ ભેગા મળી અરજદારને સામાવાળા નં.૧ નાએ દિકરા સાથે ઘરની બહાર કાઢી મુકેલી હતી અને સામાવાળા નં.૨,૩ નાઓ પણ કહેતા હતા કે તુ અહીયાથી જતી રે અને બધા ભેગા મળી કહેતા હતા કે જો પાછી આવી તો તને જાનથી મારી નાખીશુ તેવી ધમકીઓ આપતા હતા જેથી અરજદાર સામાવાળાના દિકરા સાથે તેના પિયર આવેલ હતા જે તમામે તમામ હકીકત ખરી ન હોવાનુ જણાવી સામાવાળાને કબુલ મંજુર અને બંધનકર્તા ના હોય જેથી

સામાવાળાએ તેનો સ્પષ્ટપણે ઈન્કાર કરેલ છે.

આ કામના અરજદારે તેમની અરજીના પેરા નં.૭ મા આગળ જણાવેલ છે કે,'' અરજદારણ પીયર આવ્યા બાદ માતા/પિતા તથા કું ટુંબના સભ્યોને સદર બાબતની જાણ કરેલ હતી ત્યારથી અરજદાર સામાવાળાના પુત્ર નામે કાર્તિક સાથે તેમના પિયરમા રહે છે તે તમામ હકીકતો ખરી નથી આમ,અરજદારે સામાવાળાનો સ્વેચ્છાએ ત્યાગ કરી પીયર જતા રહેલ છે. અરજદાર તેમની અરજીના પેરા નં.(૮),(૯),(૧૦) મા જણાવે છે કે,સામાવાળાઓએ શારીરીક તથા માનસીક ત્રાસ આપી કાઢી મુકેલ હોઈ અરજદારે તેના પિયરે ઓશીયાળુ જીવન ગુજારે છે અરજદારણ પાસ ે આવકનુ કોઈ સાધન નથી કે કોઈપણજાતનો હુન્નર શીખેલા નથી.સામાવાળાઓ કોઈપણ વ્યાજબી કારણ વગર અને વગર વાં કે તથા સામાવાળાએ દિકરા સાથે ત્રાસ આપીને કાઢી મુકેલ છે.ત્યારથી અરજદારણની ભરણ/પોષણની કોઈ આજ દિન સુધી વ્યવસ્થા કરેલ નથી કે સારસંભાળ લીધેલનથી જે તમામે તમામ હકીકત ખરી ન હોવાનુ જણાવી સામાવાળાને કબુલ મંજુર અને બંધનકર્તાનથી અને સામાવાળાએ તેનો સ્પષ્ટપણે ઈન્કાર કરેલ છે.

આ કામના અરજદાર તેમની અરજીના પેરા નં.૧૧ મા જણાવે છે કે આ કામના સામાવાળા શરીરે શસકત છે તેઓ રસોઈયાનુ કામ કરી તેઓ આશરે માસીક રૂા.૩૦,૦૦૦/-(અંકે રૂપિયા ત્રીસ હજાર પુરા) કમાય છે તથા દુધ ડેરીમા ભરીને આશરે માસીક રૂા.૧૦,૦૦૦/-જેટલુ કમાય છે જે તમામે તમામ હકીકત ખરી નથી અને સામાવાળાને કબુલ મંજુર અને બં ધનકર્તા ન હોવાનુ જણાવી સામાવાળાએ તેનો સ્પષ્ટપણે ઈન્કાર કરેલ છે. આ

ઉપરાંત અરજદારે તેમની અરજીના પેરા નં.(૧૨) ના સબ પેરા (૧૨/૧) થી પેરા (૧૨/૭) મા જણાવેલ દાદો માંગવા કે મેળવવા હકદાર ન હોવાનુ જણાવેલ છે ત્યારબાદ સામાવાળાએ ખરી હકીકત તરીકે જણાવેલ છે કે, સામાવાળા નં.૧ ના અગાઉ લગ્ન થયેલા અને તે લગ્ન જીવનથી એક પુત્ર છે તે હકીકત સામાવાળા અરજદારને તેમના લગ્ન પહેલા સમાજના માણસો રુબરુ જણાવેલ હોવા છતા તેઓએ તેમની અરજીમા ખોટી હકીકત જણાવેલ છે. આ કામના અરજદાર પણ સામાવાળાની સાથેના લગ્ન પહેલા લગ્ન થયેલ હતા તે હકીકત અરજદારે તેમની અરજીમા છુપાવેલ છે.આ કામના અરજદાર સ્વંચ્છી જીવન જીવવા ટેવાયેલા હોઈ અરજદારને સામાવાળાના ઘરે સંયુકત કુંટુંબમા રહેવુ ગમતુ ન હોય તેમજ સામાવાળાના અગાઉના લગ્ન જીવનથી થયેલ દીકરાને રાખવો ન હોય તેની સાથે પણ ઓરમાયુ વર્તન કરતા હતા તેમજ સામાવાળાને અવાર નવાર અલગ રહેવા માટે દબાણ કરતા હતા સામાવાળાના માતાપિતા વયોવૃધ્ધ ઉમરના છે અને સામાવાળાના પિતા હાલ ટી.બી.ની ગંભીર બીમારીથી પિડાય રહયા છે સામાવાળાના શીરે માતા–પિતા તેમજ પુત્રની જવાબદારી હોઈ તમામના ભરણપોષણો તેમજ દવાદારુનો ખર્ચ પણ સામાવાળાના શીરે હોઈ આર્થિક મોઘવારીમા માંડમાંડ મહેનત મજુરી કરી માસીક રૂા.૧૦,૦૦૦/'થી ૧૫,૦૦૦/–જેટલી આવક કમાય છે.

વધુમા સામાવાળા તેમના જવાબમા જણાવે છે કે, અરજદારે તેમની અરજીમા જે હકીકત જણાવેલ છે તે તમામ હકીકતો મનઘડત તેમજ ઉપજાવી કાઢેલ છે અરજદારે તેમની અરજીમા જણાવેલ કોઈ જ બનાવ બનેલ નથી કે,સામાવાળા દારુ પીને મારઝુડ કરતા હોય તેવો પણ બનાવ બનેલ નથી

કે,સામાવાળાએ અરજદારને માર મારી તેમના પિયર કાઢી મુકેલ હોય તેવો પણ બનાવ બનેલ નથી આ કામના અરજદાર જયારે સામાવાળાના ઘરે આવે ત્યારે માત્ર દસ દિવસ રોકાયને પિયર જતા રહેતા હોય તેમજ ખોટા ખર્ચા કરતા હોય સામાવાળાએ ઘણુ સમજાવતા તેમજ ખોટા ખર્ચાનુ ના કહેતા તેઓ સામાવાળા ઘણુ સમજાવતા તેમજ ખોટા ખર્ચાનુ ના કહેતા અરજદાર સામાવાળા સાથે ઝગડા કરી તેમના પિયર જતા રહેતા હતા અગાઉ પણ અરજદારે સામાવાળા વિરુધ્ધ દિવડા કોર્ટમા ક્રિ.પા.અરજી નં.૬૭/૧૮ થી સામાવાળા સામે ભરણપોષણનો કેસ કરેલો.જેમા પણ સામાવાળાએ સમાજના આગેવાનો તેમજ પંચોના કહેવા મુજબ સમાધાનકરી અરજદારને તેડી લાવેલા પરંતુ,અરજદારના વર્તન વ્યવહારમા કોઈ જ ફરક પડેલ નહી અને વારં વાર સામાવાળા સાથે ઝગડા કરતા હોય તેમજ તેમના માતા–પિતા સાથે પણ ઝગડા કરતા હતા અને સામાવાળાના અગાઉના લગ્ન જીવનથી થયેલ પુત્રને સારી રીતે રાખતા ન હતા જેથી સામાવાળાએ અરજદારને સમજાવવાનો પ્રયત્ન કરતા હતા જેથી અરજદાર રીસાઈને પિયર જતા રહેલ છે.સામાવાળાએ અરજદારને કોઈ મારઝુડ કરેલ નથી કે,શારીરીક માનસીક ત્રાસ આપેલ નથી કે જાનથી મારી નાખવાની કોઈ ધમકી આપેલ નથી, અરજદાર તેમના પિયર જતા રહયા બાદ પણ સામાવાળાએ અરજદારને તેડી લાવવા માટે પોતાના સમાજના આગેવાન માણસો ધ્વારા તેમજ પોતાના સબં ધીઓને લઈને તેડવા ગયેલા પરંતુ, અરજદારે સામાવાળા સાથે આવવાની ના પાડેલી અને સામાવાળાને હેરાન પરેશાન કરવા માટે હાલની આ અરજી કરેલ છે. આમ, આ કામના અરજદારે તેમની અરજીમા આવક બાબતે જે હકીકતો જણાવેલ છે તે તમામે તમામ બાબતો ખોટી છે સામાવાળા નં.૧ રસોઈયા

તરીકે કામ કરી, માસીક ત્રીસ હજાર કમાતા નથી કે, સામાવાળાને દુધની કોઈ આવક નથી,અરજદારે તેમની અરજીમા જણાવેલ આવક અંગેની હકીકત દસ્તાવેજી પુરાવાઓથી સાબીત કરવી જોઈએ.

આમ,સામાવાળાઓએ આ કામના અરજદારને ઘી પ્રોટેકશન ઓફ વુમન ફ્રોમ ડોમેસ્ટીક વાયોલન્સ એકટ–૨૦૦૫ ની જોગવાઈઓ મુજબનો કોઈ જ અપરાધ કરેલ નથી કે,કરતા નથી.જેથી પણ અરજદારની અરજી ખર્ચ સહીત રદ કરવાનો હુકમ કરવા અરજ ગુજારેલ છે.આ કામના અરજદાર કાયદાનો દુરઉપયોગ કરી સામાવાળાઓને ખોટી રીતે હેરાન પરેશાન કરવા હાલની આ અરજી કરેલ છે જે ન્યાયના વિશાળ હીતમા રદ કરવાનો હુકમ કરવા જણાવેલ છે.

આ કામના અરજદારણે ખોટી રીતે ઘરેલુ હિંસાની અરજી કરેલ અને અરજીમા તદન ખોટા આક્ષેપો કરેલા છે.અરજદારણે અરજીમા મહત્વની હકીકતો છુપાવી છે.જેથી ઉપરોકત તમામ કારણોસર તથા રૂબરૂમા રજુઆત કરવામા આવેલી હકીકત ધ્યાને લઈ અરજદારની અરજી રદ કરવા અરજ ગુજારેલ છે.

૪. સદર કામે અરજદાર તરફે અરજીની હકીકત પુરવાર કરવા માટે આંક–૪ થી પ્રોટેકશન ઓફીસરનો રીપોર્ટ રજુ થયેલ છે.તેમજ નીચે મુજબનો મૌખીક તથા લેખિત પુરાવો રજુ થયેલ છે.

**<u>મૌખિક પુરાવો :–</u>**

| ક્રમ | આંક | વિગત |
|---|---|---|
| ૧ | ૧૦ | અરજદાર કલ્પનાબેન ભુરાભાઈ ફતાભાઈ હરીજનની દિકરી |

| | | |
|---|---|---|
| | | તથા તે કાળુભાઈ રમેશભાઈ હરીજનની પત્નીનુ પુરાવાનુ એફીડેવીટ |
| ૨ | ૧૮ | અરજદારે સામાવાળા સાથે લગ્ન કર્યા બાબતના ફોટા નંગ.૨ |
| ૩ | ૧૯ | અરજદાર તરફે પુરાવા બંધની પુરસીશ |

આ કામે સામાવાાળા તરફે પુરાવો રજુ ન થતા નામદાર કોર્ટ ધ્વારા તા.૨૭/૩/૨૬ ના રોજ પુરાવાનો હકક બંધ કરવામા આવેલ છે.

(૫) ત્યાર બાદ અરજદાર તરફે દલીલો વિગતવારે સાંભળવામા આવેલ છે જેમા અરજદાર તરફે દલીલ કરતા જણાવેલ છે કે અરજદારે રજુ કરેલ પુરાવાથી તેઓએ તેમની અરજી હકીકતો પુરવાર કરેલ છે અને તેઓની હકીકત ને ખંડન કરતો કોઈ પુરાવો સામાવાળા તરફે આપવામા આવેલ નથી અને  અરજદાર હાલ પણ તેમના બાળક સાથે તેમના પિતાને ત્યા રહે છે તેથી અરજદાર સામાવાળા પાસેથી માગ્યા મુજબની દાદ મેળવવા હકદાર થતા હોઈ અરજદારની અરજી મંજુર કરી અરજીમા માગ્યા મુજબની દાદ આપવા અરજ ગુજારેલ છે. જયારે સામાવાળા તરફે દલીલ રજુ ન થતા નામ કોર્ટ ધ્વારા સામાવાળાનો દલીલનો હકક બંધ કરવામા આવેલ છે .

(૬) હાલના કામે અરજદારની અરજી તથા રેકર્ડ તથા રેકર્ડ ઉપર રજુ કરવામાં આવેલ પુરાવાને ધ્યાને લેતાં આ અરજીના નિર્ણય કરવા માટે નીચે મુજબના મુદ્દા ઉપસ્થિત થાય છે :–

(૧) શુ અરજદાર પુરવાર કરે છે કે સામાવાળાઓએ કૌટુંબીક હીંસા કરેલ છે અને કલમ ૧૮ મુજબ રક્ષણનો હુકમ મેળવવા હકદાર છે?

(૨) શુ અરજદાર પુરવાર કરે છે કે કલમ ૧૯ હેઠળ રહેઠાણનો અથવા ભાડાનો હુકમ મેળવવા હકદાર છે?

(૩) શુ અરજદાર પુરવાર કરે છે કે કલમ ૧૯(૮) હેઠળ તેઓ તેઓનુ સ્ત્રીધન અથવા તેની બજાર કીંમત મેળવવા હકદાર છે?

(૪) શુ અરજદાર સામાવાળા પાસે થી કલમ –૨૦ હેઠળ નાણાકીય સહાયમા માનસીક આઘાત તેમજ તબીબી ખર્ચ અને તેમના તથા તેમના બાળકનો ભરણ પોષણનો ખર્ચ મેળવવા હકદાર છે?

(૫) શુ અરજદાર પુરવાર કરે છે કે કલમ ૨૨ હેઠળ વળતરની રકમ તથા અરજી નો ખર્ચ મેળવવા હકદાર છે?

(૬) શુ હુકમ?

(૭) ઉપરોકત મુદાઓનાં નિર્ણયો તેનાં કારણો સહિત નીચે મુજબ છે.

(૧) હકારમાં.

(૨) અંશત: હકારમાં.

(૩) નકાર માં

(૪) અંશત: હકારમાં

(૫) અંશત: હકારમાં

(૬) આખરી હુકમ મુજબ

//– **<u>કા ર ણો</u>** – //

## **–: નિર્ણય માટેનાં કારણો :–**

**મુદ્દા નં. ૧ :–**

(૮) આ કામે અરજદાર તરફે કલમ ૧૮ અન્વયે રક્ષણનો હુકમ મેળવવા માટે હકદાર છે કે કેમ તે બાબતે રેકર્ડ પર નો પુરાવો જોવામા આવે તો અરજદાર તથા સામાવાળા નં.૧ પતિ પત્નિ છે તથા અન્ય સામાવાળા

ઓ અરજદારની સાસરીપક્ષના છે અને શરુઆતમા અરજદાર લગ્ન બાદ સામાવાળા સાથે રહેલ છે તે હકીકતો નિર્વીવાદ છે. અરજદાર તથા સામાવાળા ના લગ્ન જીવન થી તેમને બાળક નામે કાર્તિક છે તે હકીકત પણ નિર્વીવાદ છે .અરજદારે પોતાના આંક-૧૦ ના એફીડેવીટમા આંક-૧ ની હકીકતોનુ પુનરાવર્તન કરેલ છે અને તેઓના પુરાવામા જણાવેલ છે કે, તેઓને લગ્નબાદ સામાવાળા નં.૧ નાઓએ લગ્ન કરેલા અને તેમને પ્રથમ પત્નીથી રાજદીપ નામનો છોકરો પણ છે તે હકીકત જાણવા મળેલી ,સામાવાળા નં.૧ કાર્તિકનો જન્મ થયો ત્યા સુધી સારી રીતે રાખેલ હતા પછી દારુની લતે ચઢી ગયેલા અને અરજદાર ગમે તે જોડે ખાલી વાત કરે તો પણ શકની નજરે જોઈ ,અરજદાર સાથે ઝઘડો તકરાર કરી ,મારકુટ કરતા હતા .સામાવાળાને અરજદાર કમાવા કહે તો સામાવાળાને માઠુ લાગી જતુ અને અરજદારને ગમે તેમ ગંદી ગાળો બોલી અરજારને કમાવા જવાનુ કહેતા અને સખત મારઝુડ કરતા જયારે આ હકીકત તેઓ સાસુ,સસરાનેજણાવતા તો તેઓ કહેતા કે ''તારે રહેવુ હોઈ તો રહે નહી તો તારા બાપના ઘરે જતી રહે મારો છોકરો તો નહી કમાઈ તો પણ અમે તેને કમાઈને ખવડાવીશુ''.આમ,બધા ભેગા મળી અરજદારને ધમકાવતા અગાઉ એક વખત અરજદારને મારકુટ કરી કાઢી મુકેલ ત્યારે અરજદારે અત્રેની કોર્ટમા ક્રીમીનલ પરચુરણ અરજ ન.૬૭/૧૮ થી ભરણપોષણનો કેસ કરેલો જેમા સામાવાળા સમાધાન કરી તેડી ગયેલ જેથી અરજદારે તે કેસ વિડ્રો કરેલ પરંતુ થોડા દિવસ સુધી સારુ રાખ્યા બાદ પાછુ શારીરીક માનસિક ત્રાસ આપવાનુ ચાલુ કરેલ .અરજી કર્યાના આઠ માસ અગાઉ અરજદારે કામ ધંધો કરવા જણાવતા સામાવાળા નં.૧ નાઓએ અરજદારને સખત ગડદાપાટુનો માર મારેલો

અરજદારે સાસુ,સસરાને આ બાબતે જણાવતા આ તમામ ભેગા મળી ,અરજદારને સામાવાાળા નં.૧ નાએ દિકરા સાથે અરજદારને દિકરા સાથે ઘરની બહાર કાઢી મુકેલ હતી અને બધાએ ભેગા મળી કહેલ કે ''જો પાછી આવી તો જાનથી મારી નાખીશુ ''જેથી અરજદાર દિકરા સાથે પિયર આવેલા હતા અને ત્યારથી તેઓ પોતાને પિયરે રહે છે અને ઓશીયાળુ જીવન ગુજારે છે.

સામાવાળાએ તેઓના આક–૮ ના જવાબમા કોઈ ત્રાસ આપેલ નથી તેવી હકીકત જણાવેલ છે પરંતુ અરજારે તેઓની સોગંદ પરની જુબાનીમા જે હકીકતો જણાવેલ છ઼ે તેનો સામાવાળા તરફે લેવામા આવેલ ઉલટતપાસમા કોઈ ખંડન થયેલ નથી અને સામાવાળા તરફે અરજદારને ત્રાસ અંગે જે કાઈ સુચક પ્રશ્નો પુછવામા આવેલ છે તેનો અરજદારે ઈનકાર કરેલ અને હાલ પણ અરજદાર તેમના માતા પિતાના ઘરે રહે છે તેવી હકીકત રેકર્ડ પર આવેલ છે અને સામાવાળાઓ તેઓને લઈ જવા માટે કોઈ પ્રયત્ન કરેલ નથી તેવુ પણ ફલીત થાયછે .આમ,સમગ્ર હકીકત જોતા અરજદાર સમાવાળા સાથે સમાધાન કરી રહેવા ગયેલ હોવા છતા અરજદારને સામાવાળાઓથી પડતા ત્રાસ તથા સામાવાળાઓએ અરજદારને આપેલ શારીરીક માનસિક ત્રાસના કારણે અરજદારને અરજી તથા સોગદ પરના પુરાવામા જણાવ્યા મુજબનો માનસિક તથા શારીરીક ત્રાસ હતો તેવુ માનવાને કારણ રહેલ છે .વધુમા,સામાવાળાઓએ એવી કોઈ હકીકત રેકર્ડ પર લાવી શકેલ નથી કે તેઓએ અરજદારને બાળક સાથે કાઢી મુકેલ નથી અને અરજદારે જાતે તેઓનો ત્યાગ કરેલ છે .આમ, કોઈ પણ સ્ત્રી પોતાને ત્રાસ ન હોય તો પોતાના બાળક સાથે પોતાના પતિ થી દુર પોતાના પિતાના ત્યા ઓશીયાળુ જીવન વ્યતિત કરે નહી આ સંજોગોમા આ કામના સામાવાળાઓ

અરજદાર ને ત્રાસ આપતા હતા તે હકીકત હાલના તબકકે માનવાને કારણ રહે છે અને રેકર્ડ પર આવેલ પુરાવો તથા કૌટુંબીક હિંસાથી સ્ત્રીઓને રક્ષણ અધિનીયમ ની કલમ ૩ વંચાણે લેતા સામાવાળા નાઓએ અરજદાર વિરુધ્ધ ઘરેલુ હિંસાનુ કૃત્ય કરેલ છે તેવુ અરજદારે તેમની અરજી, ડોમેસ્ટીક વાયોલન્સ રીપોર્ટ તથા સોગંદ પરના પુરાવાથી પુરવાર કરેલ છે જેથી કાયદાની કલમ ૧ ૮ અનુસાર કૌટુંબીક હીંસા થયેલ હોય તો અદાલત હુકમ કરી શકે તેવુ જણાવેલ છે જેથી કલમ ૧૮ મુજબ રક્ષણનો હુકમ કરવો ઉચીત જણાય છે અને મુદ્દા. નં . ૧ નો જવાબ હકારમા આપવો ઉચીત જણાય છે. જેથી આ અદાલત મુદદા નં .૧ નો જવાબ હકારમા આપે છે .

(૦૯) **મુદ્દા નં. –૨**

આ કામે અરજદારે ઘરેલુ હિંસા અધીનીયમની કલમ ૧૯ મુજબ સામાવાળા અલગ મકાનમા રહેવા માસીક રૂ. ૩,૦૦૦/–મકાન ભાડાના અપાવવા અને અલાયદુ પાકુ નવુ મકાન બાંધી આપે અને જમીનમાં ભાગ આપે તેવો હુકમ મેળવવા અરજ ગુજારેલ છે. જેનો સામાવાળા તર્ફે ઈન્કાર કરવામા આવેલ છે પરં તુ સામાવાળા તર્ફે તે ન આપવા માટે કોઈ પુરાવો રજુ કરવામા આવેલ નથી આમ, જયારે અરજદારએ સામાવાળા નં.૧ ના કાયદેસરના પત્ની છે ત્યારે અરજદારને સામાવાળા જયા રહેતા હોઈ ત્યા તેમની સાથે રહેવાનો હક મળે છે પરંતુ જયારે આ કામના સામાવાળાઓએ અરજદારને મારઝુડ કરી કાઢી મુકેલ છે ત્યારે સામાવાળા સાથે તેઓ જયા રહે છે ત્યા રહેવા જાય તો તેઓ વચ્ચે વૈમન્સ્ય વધે તે હકીકત પણ માનવાને કારણ છે આ સંજોગોમા અરજદાર વિકલ્પે ભાડુ મેળવવા હકકદાર બને છે તેવુ આ અદાલતનુ માનવુ છે પરંતુ અરજદાર કયાં અને કેવુ મકાન ભાડે રાખવા માગે છે તે અંગે અરજદાર તરફે કોઈ

આધારપુરાવો રજુ કરવામા આવેલ નથી તે અંગે અદાલતે ગામોમા ભાડા અં ગે ચાલતા સામાન્ય દર ધ્યાને લઈ અને પક્ષકારોના સામાજીક મોભો ,આર્થીક સ્થીતી તથા સામાજીક દરજજો તથા સામાવાળા ની આવક તથા જવાબદારી ધ્યાને લેતા અરજદાર સામાવાળા નં. ૧ પાસેથી માસિક રૂ.૧ ૦૦૦/– મકાનભાડુ લેવા હકકદાર બને છે. વધુમા અરજદાર હાલની અરજી કરેલ તે પહેલાથી તેમના પિતા ના ત્યા રહેતા આવેલ છે ત્યારે આ ભાડાની રકમ તેઓને અરજી કર્યા તારીખથી આપવાનુ યોગ્ય જણાઈ આવે છે જેથી મુદ્દા નં. ૨ નો જવાબ અંશત: હકારમા આપવામા આવે છે.

(૧૦) **મુદ્દા. નં. ૩**

આ કામે અરજદારે અરજદારના માતા પિતાએ જમાઈને સોનાની વીંટી તથા સોનાની બુંટ્ટી, સોનાનુ ડોકીયું, ચાંદીના કડા તથા ચાંદીનો કેડ ઝોલો,તીજોરી સોફા શેટ,ફ્રીજ, ટી.વી,ડ્રેસીગ કાચ તથા કન્યાદાનાના પુરતા વાસણો આપેલ હતા આ તમામ વસ્તુઓ સામાવાળા પાસે છે જેથી સદર સ ્ત્રીધન સામાવાળા પાસેથી અપાવવા અરજ કરેલ  છે તેઓએ તેમનુ આ સ્ત્રીધન સામાવાળાના કબજામા છે તેવુ પોતાની અરજી તથા આંક.૧૦ ની જુબાનીમા જણાવેલ છે જે બાબતે સામાવાળાએ પોતાના જવાબમા તેનો ઈનકાર કરેલ છે પરુંત તે બાબતે સામાવાળા કોઈ વિરુધ્ધ હકીકત રેકર્ડ પર લાવેલ નથી પરંતુ આ કામે અરજદારે આ સ્ત્રીધન આપવા બાબતે કોઈ બીલ લીસ્ટ કે અન્ય દસ્તાવેજી પુરવા રજુ કરેલ નથી તે જોતા અરજદાર કઈ વસ્તુઓ લઈને સાસરીમા ગયેલ તે હકીકત અંગે કોઈ સ્પષ્ટ પુરાવો રેકર્ડ પર આવેલ નથી .વધુમા,તેઓએ આ વસ્તુઓની બજાર કીંમત પણ જણાવેલ નથી તે સંજોગોમા સ્પષ્ટ અને માનવા લાયક આધાર પુરાવાના અભાવે તે આપી શકાય તેમ નથી તેવુ આ

અદાલતનુ માનવુ છે.વધુમા ,તેઓએ જે સ્ત્રીધન સામાવાળાના કબજામા છેતેવી હકીકત જણાવેલ છે તે બાબતે પણ તેઓએ કોઈ વિશ્વસ્નીય પુરાવો અદાલત સમક્ષ રજુરાખેલ નથી તે સંજોગોમા તેઓનુ શુ અને કેટલી કીંમતનુ સ્ત્રીધન હતુ અને તે હાલ સામાવાળાઓ પાસે છે તે યોગ્ય રીતે પુરવાર થતુ ન હોય મુદદા નં.૩ નો જવાબ નકારમા આપવામા આવે છે.

(૧૧) **મુદ્દા નં. ૪**

અરજદારે તેઓની અરજીમા નાણાકીય સહાય તરીકે અરજદારને સામાવાળાએ અસહય ત્રાસ આપી તેમનાથી દુર થઈ અરજદારને ખુબ જ માનસીક આઘાતમા ઉતારેલા છે અને તે માનસિક આઘાત બદલ રૂપિયા.૧,૦૦,૦૦૦/- તથા તબીબી ખર્ચ રૂપિયા .૫,૦૦૦/- તથા અરજદારના ભરણ પોષણ પેટે રૂ.૫૦૦૦/- તથા દિકરાના ભરણપોષણ પેટે માસિક રુપીયા.૫૦૦૦/- સામાવાળા ચુકવી આપે તેવી અરજ ગુજારેલ છે જે બાબતે સદર કામમા રેડર્ક જોતા અરજદાર તરફે કોઈ તબીબી સારવાર લેવામા આવેલ હોય તે બાબતનો કોઈ પુરાવો રેકર્ડ પર આવેલ નથી આ ઉપરાંત અરજદારે તેમને પહોચેલ આઘાત સબંધે કોઈ મનોચિકીત્સકની સારવાર લીધેલ હોય કે કોઈ તબીબને તપાસેલ હોય કે તે આઘાત લાગતા તેની તેમને શુ અસર થયેલ તેવી કોઈ જ હકીકત રેકર્ડ પર લાવેલ નથી જેથી અરજદારની માનસિક આઘાત બદલ રુપીયા ૧,૦૦,૦૦૦/- ની માંગણી તથા તબીબી સારવારની રુપીયા.૫,૦૦૦/- ની માંગણી નકારવી યોગ્ય જણાય છે.

અરજદારે તેમના માટે ભરણ પોષણ પેટે રૂ.૫૦૦૦/- તથા તેઓના દિકરાના ભરણપોષણ પેટે માસિક રુપીયા ૫૦૦૦/-ની માંગણી કરેલ છે તે બાબતે રેકર્ડ પર આવેલ પુરાવો જોવામા આવે તો અરજદારે પોતાની અરજી

મા સામાવાળા નં.૧ શરીરે શશ્કત હોવાનુ તથા રસોઈયાનુ કામ કરી માસીક રૂ.૩૦,૦૦૦/– કમાતા હોવાનુ તથા દુધ ડેરીમા ભરી માસીક રૂ.૧૦,૦૦૦/– જેટલુ કમાતા હોવાનું જણાવેલ છે તથા તેમના પર અન્ય કોઈની જવાબદારી ન હોવાનુ જણાવેલ છે જે બાબતે સામાવાળાએ પોતાના આંક.૮ ના જવાબમા આ બાબતોનો ઈન્કાર કરી પોતે માંડ માંડ મહેનત મજુરી કરી માસીક રૂ.૧ ૦,૦૦૦/– થી રૂ.૧૫,૦૦૦/– જેટલી આવક કમાતા હોવાનુ જણાવેલ છે અને પોતાના ઉપર પોતાના વૃધ્ધ માતા પિતા જેમા પિતાને ટી.બી છે અને પોતાની પ્રથમ પત્નિીથી થયેલ પુત્ર રાજદીપની જવાબદારી હોવાનુ જણાવેલ છે અરજદારની આંક.૧૦ લગતની ઉલટ તપાસમા સામાવાળાએ હકીકત રેકર્ડ પર લાવવામા સફળ રહેલ છે કે, સામાવાળા નં.૧ નાઓ હોસ્ટેલમા રસોઈયા તરીકે કામ કરે છે તે અંગે નું કોઈ લેખીત આધાર પુરાવો આ કામે અરજદાર તરફે રજુ રાખેલ નથી તેમજ અરજદારના સાસુ –સસરા અને સામાવાળા નં.૧ નાઓ સંયુકત કુંટુબમા રહેતા હતા અને તમામનુ ભરણ પોષણ સામાવાળા નં.૧ નાઓ કરતા હતા, અરજદારના સસરાને ટી.બી નો રોગ થયેલ છે તેમજ અરજદારને દીયર પણ છે જે પણ તે પણ તેના પિતાની સારવાર કરાવે છે, સામાવાળા નં.૧ ના નામે કોઈ જમીન ભલાડા ગામે આવેલ નથી, સામવાળા નં.૧ ને પ્રથમ લગ્ન થી એક દીકરો છે

આમ ઉપરોકત તમામ પુરાવાઓ ધ્યાનેલેતા સામાવાળા શરીરે શશ્કત અને માસીક રૂ.૧૫,૦૦૦/– જેટલી આવક મેળવત હોવાનુ તેમજ ઉપરોકત પ્રકારની જવાબદારી સામાવાળાના શીરે હોવાનુ જણાય આવે છે આ સંજોગોમા અરજદાર તથા તેમના બાળકોના ભરણપોષણની નૈતિક ફરજ સામાવાળાની છે અને તે ફરજ નિભાવવામા સામાવાળા નિષ્ફળ નીવડેલ છ`તે સં

જોગોમા સામાવાળાની આવક તથા મોઘવારીનો સામાન્ય દર ધ્યાને લેતા અરજદારને માસીક રૂ.૨૦૦૦/–અને સગીર દિકરા કાર્તિકને  માસિક રૂ.૧ ૦૦૦/– ભરણપોષણ ચુકવી આપવાનો હુકમ અરજી કર્યા તારીખથી કરવામા આવશે તો તે ન્યાયીક અને યોગ્ય જણાશે તેવુ આ અદાલતનુ માનવુ છે જેથી તે મુજબનો હુકમ કરી મુદદા નં.૪ નો જવાબ અશંત:હકારમા આપવામા આવે છે.

(૧૨) **મુદ્દા નં. ૫**

ઉપરોકત સમગ્ર રેકર્ડ ધ્યાને લેતા સામાવાળા એ અરજદાર પર કૌટુંબીક હીંસા આચરેલ હોવાનુ જણાય છે અને તેવા કોઈ કૃત્યના કારણે અરજદાર ને માનસિક ત્રાસ અથવા ભાવાત્મક સંતાપ થયેલ હોય તેવુ પણ રેકર્ડ પર ના પુરાવા પર થી જણાતુ હોય તેવા સંજોગોમા અરજદાર ને નુકશાન કે વળતર ચુકવવાનો આદેશ કરવાનુ જરુરી જણાય છે. પરંતુ આ કામે અરજદારે સામાવાળા પાસે રુ.૩,૦૦,૦૦૦/– ની માગણી કરેલ છે તે અતિશયોકિત ભરેલ છે કારણ કે અરજદારે તેમને આ અંગે તથા ખર્ચ અંગે કોઈ આધાર પુરાવો રજુ રાખેલ નથી અને તેઓએ કોઈ માનસિક કે શારીરીક સારવાર લીઘેલ હોય તે બાબતનો પણ કોઈ પુરાવો રજુ રાખેલ નથી તે સંજોગોમા કૌટુંબીક હીંસા થયેલ છે તે માની કાયદાની કલમ ૨૨ માની વળતર પેટે રૂ. ૨૫૦૦/– ચુકવી આપે તેવો હુકમ કરવામા આવેતો તે વાજબી ઠરશે તેવુ આ અદાલતનુ માનવુ છે . વધુમા આ કામે અરજદારે સામાવાળા પાસે થી અરજીનુ ખર્ચ પણ માંગેલ છે જે અંગે જોવામા આવેતો હાલની અરજી અરજદારે ૨૦૨૫ એટલેકે એકાદ વર્ષ અગાઉ કરેલ છે અને તેણીને ખર્ચ થયેલ હોય તેમાની શકાય તેમ છે તે જોતા અરજદારને હાલની અરજીના ખર્ચ પેટે રૂ.૧

૦૦૦/– ચુકવી આપે તે વાજબી ગણાશે તેવુ આ અદાલત ને માનવાને કારણ જણાતુ હોઈ મુદ્દા. નં. ૫ નો જવાબ **અંશત: હકાર** મા આપી ઉપર ચર્ચા કર્યા અનુસાર મુદ્દા. નં. ૬ અન્વયે નીચે મુજબ આખરી હુકમ કરવામા આવે છે.

**::હુકમ::**

**(૧)** અરજદારની અરજી અંશત: મંજુર કરવામા આવે છે.

(૨) ઘરેલુ હિંસા સાથે સ્ત્રીઓના રક્ષણ અધિનીયમ ૨૦૦૫ ના કાયદાની કલમ ૫ મુજબ આ કામના અરજદાર ને આ કામના સામાવાળા ઓ દ્વારા ઘરેલુ હિંસા પહોચાડવામા આવે અથવા આવતી હોય તો તેવા સમયે જો અરજદાર અને તેમના સગા દ્વારા પોલીસ ને રુબરુમા,મૌખીક , લેખીત અથવા ટેલીફોનીક જાણ કરવામા આવે તો તે સમયે પોલીસ એજન્સી એ અરજદાર ને રક્ષણ આપવુ.

(૩) અરજદારે સદર કાયદાની કલમ –૧૯ અન્વયે માંગેલ દાદ અંશત: મંજુર કરવામા આવે છે અને સામાવાળા નં. ૧ ને એવો હુકમ કરવામા આવે છે કે તેમણે અરજદાર ને રહેઠાણના ભાડા પેટે અરજી ની તારીખ થી માસિક રૂ. ૧૦૦૦/– ( અંકે રુપીયા એક હજાર પુરા) નીયમીત રીતે ચઢયે ચઢ યા ચુકવી આપવા.

(૪) સામાવાળા નં. ૧ નાએ અરજદારને માસિક રૂ.૨૦૦૦/–(અંકે રુપીયા બે હજાર પુરા) તથા સગીર દિકરા કાર્તિકને રૂ. ૧,૦૦૦/– (અંકે રુપીયા એક હજાર પુરા) લેખે ભરણપોષણ પેટે દર માસે અરજી કર્યા તારીખ થી ચઢેચઢયા ચુકવી આપવાનો હુકમ કરવામા આવે છે તથા વધુમા બાળકસગીર વયના હોય આ રકમ સામાવાળા એ દર માસે અરજદાર ને ચુકવી આપવી તેવો પણ હુકમ કરવામા આવે છે. વધુમા અરજદાર તથા બાળક અન્ય કોઈ કાયદા હેઠળ

ભરણપોષણ ખર્ચ બાબતે સામાવાળા તરફ થી રકમ મેળવતા હોય તો તે રકમ પૈકી ની બંને રકમ માથી ઓછી રકમ અન્યમા મજરે આપવાનો હુકમ કરવામા આવે છે.

(૫) સામાવાળા નં. ૧ નાએ સદર કાયદાની કલમ –૨૨ અન્વયે વળતર પેટે રૂ. ૨૫૦૦/–(અંકે રુપીયા બે હજાર પાંચસો પુરા) ચુકવી આપવા હુકમ કરવામા આવે છે.

(૬) સામાવાળાએ અરજીના ખર્ચ પેટે અરજદારને રૂ.૧૦૦૦/–(અંકે રૂપિયા એક હજાર પુરા) ચુકવી આપવા.

(૭) સદર હુકમની એક નકલ વિના મુલ્યે સદર કાયદાની કલમ ૨૪ અન્વયે અરજદાર ને આપવી તથા સબંધીત પોલીસ સ્ટેશને જાણ સારુ મોકલી આપવી.

હુકમ આજરોજ તા.૪ થી માહે મે સને ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમા વાંચી સંભળાવી જાહેર કર્યો.

(જીગ્નેશકુમાર ભીખાભાઈ પુરોહીત)
સ્થળ:–દિવડાકોલોની.
જ્યુડીશીયલ.મેજીસ્ટ્રેટ.ફ.ક.
કડાણા, જી. મહીસાગર
જજ કોડ નં.જીજે–૦૧૧૮૫